ડૉ. આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના હેઠળ મકાન સહાય ચૂકવવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ-૧૦૨૦૦૩-૨૨૦૧-ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : 31 JAN 2008

વંચાણે લીધા :- (૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૧-૬-૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ-૧૦૨૦૦૩-૨૨૦૧-ગ

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના સરખા ક્રમાંકનો તા. ૭-૧-૨૦૦૬ નો ઠરાવ

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના સરખા ક્રમાંકનો તા. ૧૭-૩-૨૦૦૬ નો ઠરાવ

(૪) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના સરખા ક્રમાંકનો તા. ૧૬-૧૧-૨૦૦૬ નો ઠરાવ

(૫) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨-૭-૨૦૦૭ ના ઠરાવ ક્રમાંકઃ અબડ-૧૦૨૦૦૩-૧૩૦૩-હ

ઠરાવ :-

આમુખમાં ક્રમાંક (૧) માં દર્શાવેલ સમાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૧-૬-૨૦૦૫ ના ઠરાવથી ડૉ. આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના હેઠળ મકાન સહાય ચૂકવવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજનાનો ઢાંચો ડૉ. આંબેડકર આવાસ યોજના પ્રમાણેનો છે. તેથી ડૉ. આંબેડકર આવાસ યોજનામાં તા. ૨-૭-૨૦૦૭ ના ઉપર (૫) માં વંચાણે લીધેલ ઠરાવથી જે સુધારાઓ કરવામાં આવેલ છે તે જ પ્રકારના સુધારાઓ ડૉ. આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજનામાં કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાંને અંતે, વિભાગના તા. ૨૧-૬-૨૦૦૫ ના ઠરાવમાં હાલની જોગવાઇમાં અંશતઃ ફેરફાર કરી નીચે દર્શાવેલ શરતોમાં સુધારો બહાર પાડવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) <u>ક્રમાંકઃ - ૩ પાત્રતાની શરતો.</u>
ક્રમાંક- ૩ (૧૪) માં હાલની જોગવાઇ અનુસાર અરજદાર લાભાર્થીની ઉંમર ઓછામાં ઓછી ૨૧ વર્ષ અને મહત્તમ ૫૦ વર્ષની છે જેમાં મહત્તમ ઉંમરની શરત રદ કરી નીચે મુજબ ઠરાવવામાં આવે છે ક્રમાંક- ૩ (૧૪) અરજદાર લાભાર્થીની ઉંમર ઓછામાં ઓછી ૨૧ વર્ષની રહેશે.

( પાછળ )

(૨) <u>ક્રમાંક: - ૪ સહાયનું ચુકવણું</u>

ક્રમાંક- ૪ (૩) માં હાલની જોગવાઇ મુજબ આ યોજના હેઠળ મકાન સહાયની રકમ રૂા. ૪૦,૦૦૦/- ચૂકવવામાં આવશે જેમાં ૪ (૪) અનુસાર સહાય ચૂકવવાના ધોરણોમાં ત્રણ તબકકામાં ( ૨૫ ટકા, ૫૦ ટકા, ૨૫ ટકા ) ચૂકવવાનું ધોરણ છે તેના બદલે બે તબકકામાં નીચે મુજબ ચુકવવાનું ઠરાવવામાં આવે છે.

(અ) પ્રથમ હપ્તો અરજી મંજૂર કરતી વખતે ૫૦ ટકા લેખે ચૂકવવાનો રહેશે.

(બ) બીજો હપ્તો લીંટલ લેવલનું સમાજ કલ્યાણ નિરીક્ષકનું બાંધકામ પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર રજુ કર્યેથી ૫૦ ટકા સહાય ચૂકવવાની રહેશે.

(૩) ક્રમાંક- ૪ (૭) માં હાલની જોગવાઇ મુજબ અરજદારે બાંહેધરી આપવાની રહેશે કે "તેણે વિભાગની આ યોજના હેઠળ અથવા અન્ય વિભાગ હસ્કની ગૃહનિર્માણ યોજના હેઠળ મકાન સહાય યોજનાનો લાભ લીધે નથી. " તેના બદલે હવે, અરજદારે બાંહેધરી આપવાની રહેશે કે "છેલ્લા ૨૦ વર્ષમાં વિભાગની આ યોજના હેઠળ કે અન્ય વિભાગની યોજના હેઠળ મકાન સહાય યોજનાનો લાભ લીધેલ નથી " કુદરતી આફતોમાં મળતી કેશડોલ્સ કે મરામત સહાયનો તેમાં સમાવેશ થશે નહી. પરંતુ જે ઇસમોએ અગાઉ કોઇ યોજના હેઠળ ( ગૃહનિર્માણ ) લાભ લીધો ન હોય તેવા ઇસમોને પ્રથમ પસંદગી આપવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૭-૧-૨૦૦૮ ના રોજ મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( શામજીભાઇ પટેલ )
સંયુકત સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી( સા.ન્યા.અને અધિ ) ના અંગત સચિવશ્રી, ગાંધીનગર
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના અન્ય સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ